# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-06-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી : કુરનમાં શાળા પ્રવેશોત્સવ

**કચ્છની બે દિવસની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે બીજા દિવસે અનેકવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.**

**કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2025 અંતર્ગત મુખ્યમંત્રી શ્રી પટેલે જિલ્લાના સરહદી પ્રથમ ગામ કુરન ખાતે ઉપસ્થિત રહી બાળ વિદ્યાર્થીઓને ઉષ્માભેર આવકાર આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો.**

**આ પ્રસંગે તેમણે કુરનના ગ્રામજનોને 'ઓપરેશન સિંદૂર'ની સફળતા અને શિક્ષણ પ્રત્યેની તેમની જાગૃતિ બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું કે, આ ગામ અને સમગ્ર વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અભૂતપૂર્વ છે અને અભ્યાસ છોડી દેનાર બાળકોનું શાળામાં પુનરાગમન એ સફળતાનો જીવંત પુરાવો છે.**

**તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આજની દરેક સમસ્યાનું સમાધાન શિક્ષણમાં જ છે.**

બાઈટ... મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા માટે 4100 શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે, આ શિક્ષકો કચ્છમાં જ રહી પોતાની ફરજ બજાવશે.**

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના કુલ ૧૦૭ કરોડ ૬૦ લાખના વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ગાંધીધામના વિવિધ વિસ્તારમાં ૮ કરોડ ૬૮ લાખ રૂપિયાના ખર્ચે રોડની કામગીરી, અંજાર અને ગાંધીધામ ખાતે અનુક્રમે ૮ કરોડ ૬૩ લાખ અને ૮ કરોડ ૫૧ લાખના ખર્ચે મામલતદાર કચેરીઓ, ગાંધીધામ ખાતે ૪ કરોડ ૬૧ લાખના ખર્ચે સી-ટાઈપ ક્વાટર્સ, ૩ કરોડ ૨૫ લાખના ખર્ચે બી-૧ ટાઈપ ક્વાટર્સ અને ૨ કરોડ ૭૪ લાખ રૂપિયાના ખર્ચે સબ રજિસ્ટ્રાર કચેરીનો સમાવેશ થાય છે. તેમજ, માંડવી ખાતે આઈ.ટી.આઈ.માં ૩ કરોડ ૫૧ લાખ રૂ. ના ખર્ચે સ્ટાફ ક્વાટર્સનું પણ ઈ-ખાતમુહૂર્ત થયું.

આ ઉપરાંત, ૬૭ કરોડ ૬૭ લાખ રૂ. ના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા મુન્દ્રા તાલુકાના ભદ્રેશ્વર ખાતે ૨૫ કરોડ ૮૨ લાખ રૂ. ના ખર્ચે નવી ઔદ્યોગિક વસાહતના એપ્રોચ અને આંતરિક રસ્તાના કામોનો સમાવેશ થાય છે. શિક્ષણ વિભાગ અંતર્ગત જિલ્લાની ૨૭ પ્રાથમિક શાળાઓમાં ૨૨ કરોડ ૮૦ લાખ રૂ. ના ખર્ચે કુલ ૧૨૦ નવીન ઓરડા અને ૧૫ કરોડ ૩૦ લાખ રૂ. ના ખર્ચે જિલ્લામાં ૬ માધ્યમિક શાળા અને ૩ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નવીન શાળાનું કામ પણ લોકાર્પિત થયું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દર્શડી અને તલવાણા તેમજ ભુજ ખાતે વેક્સિન સ્ટોરનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

---

## મુખ્યમંત્રી : કુરન ગામની મુલાકાત

આ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કુરનમાં નાના ભૂલકાઓને આંગળી પકડી શાળામાં પાપા પગલી કરાવી હરખભેર પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ કુરન ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળાના અત્યાધુનિક ભવનનું લોકાર્પણ કરી વર્ગખંડમાં બાળકો સાથે ગોષ્ઠી પણ કરી હતી અને શાળા પરિસરની મુલાકાત લીધી હતી.

શ્રી પટેલ કુરન ખાતે આયોજિત ગ્રામસભામાં સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીએ કુરન ગામના સરપંચ સહિત સામાજિક આગેવાનો તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરીને સરહદી વિસ્તારમાં આવેલા પરિવર્તન અંગે જાણકારી મેળવી હતી.

તેમણે કુરન ખાતે નિર્માણાધિન કુરન ચેકડેમની મુલાકાત લીધી હતી અને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ગુજરાત સરકારે ૮ કરોડ રૂપિયાથી વધુની રકમ આ ચેકડેમનો વિસ્તાર વધારીને મહત્તમ જળસંગ્રહ હેતુથી ફાળવી છે.

આ ઉપરાંત, મુખ્યમંત્રીએ કુરનના આરોગ્ય આયુષ્માન મંદિરની મુલાકાત પણ લીધી હતી. તેમણે ઉપલબ્ધ તબીબી સુવિધાઓ અંગે જાણકારી મેળવીને બાળકો, સર્ગભા માતાઓ અને નાગરિકોને સાતત્યપૂર્ણ રીતે આરોગ્ય સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા સૂચન કર્યું હતું.

----------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : સિંદૂરવનનું ખાતમુહૂર્ત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ભુજ ખાતે વિશાળ વિસ્તારમાં નિર્માણ પામનાર શૌર્યના પ્રતીકસમાન સિંદૂરવનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. ભારતીય થલસેના, વાયુસેના, નૌસેના, બીએસએફ તથા પહેલગાવ હુમલામાં મૃત્યુ પામેલ નાગરિકોને સમર્પિત એવા "સિંદૂર વન" વન કવચનું વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વન કવચ વિકસાવવાની પદ્ધતિની વિગતવાર સમજ મેળવી હતી.

ભુજના મિરઝાપર હાઇવે પર પશ્ચિમ કચ્છ વન વિભાગ દ્વારા તૈયાર થઇ રહેલા સિંદૂર વનમાં વિશાળ વિસ્તારમાં ૮૦ હજાર રોપાનું વાવેતર કરવામાં આવશે. આ સિંદુર વનમાં ભારતની લશ્કરની તાકાત સમાન હવાઈ જહાજ, નેવી, લશ્કર, બી.એસ.એફ., વગેરેની થીમ આધારિત ચારેય પાંખના આધુનિક સાધનો મૂકવામાં આવશે.

----------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધા

ભુજની મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીએ ભુજ કચ્છી લેવા પટેલ સમાજના સરદાર પટેલ વિદ્યા સંકુલમાં આયોજિત રાષ્ટ્રીયકક્ષાની સિનિયર મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશીપનો મશાલ પ્રજ્વલન સાથે ટોસ ઉછાળી પ્રારંભ કરાવ્યો હતો. આ ૫૪મી સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધામાં ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ટીમની ૫૪૦ મહિલા ખેલાડીઓ ભાગ લઇ રહી છે. સ્પર્ધામાં અર્ધલશ્કરી દળો જેવા કે એસ.એસ.બી, બીએસએફ, સીઆરપીએફ, પંજાબ પોલીસના ચુનંદા મહિલા ખેલાડીઓ સંબધિત રાજ્યોની ટીમોમાં ભાગ લઇને પોતાનું કૌવત દર્શાવશે.

---

## પ્રધાનમંત્રી : મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 12૩મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટીન આકાશવાણી ભુજ દ્વારા આવતીકાલે સાંજે 7 અને 5 મિનિટે પ્રસારીત કરાશે.

---